ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૧૦-૬-૨૦૨૧, ગુરૂવાર


### દબંગ પોલીસને અર્પણ

# બાયડમાં બુટલેગર પુત્રનો આતંક, મહિલાનું માથું ફોડી નાખતાં ૧૦ ટાંકા

### પોલીસ ઉવાચ : અમારી ફૂરસદે તપાસ કરીશું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
અરવલ્લી પોલીસ વડાની કડકાઈ છતાં પણ બાયડમાં બુટલેગરો અને તેમના સંતાનો બેફામ બની ગયા છે. બાયડના ભૂખેલ રોડ ઉપર રહેતા બુટલેગરના પુત્રએ દિપીકાબેન જીતુભાઈ સલાટને માથામાં દંડો ફટકારી માથું ફોડી નાખતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સરકારી રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ૧૦ ટાંકા લેવા પડ્યા હતા. બાયડ પોલીસને ફરિયાદ કરતાં પોલીસે અમારી ફૂરસદે તપાસ કરીશું તેવો જવાબ આપી બુટલેગર પુત્રને છાવર્યાના આક્ષેપ શરૂ થયા છે. બાયડમાં સબસલામતની આલબોલ પોકારતી દબંગ પોલીસને બુટલેગર પુત્રના આતંકનો કિસ્સો અર્પણ.

**મહિલાનો આક્ષેપ : પોલીસ હપ્તારાજથી દબાઈ**

મહિલાએ આક્ષેપ કર્યો છે કે બુટલેગરનો પુત્ર દારૂ વેચવાના કેસમાં સંડોવાયો હોવા છતાં પોલીસ તેની ધરપકડ કરતી નથી. પોલીસના હપ્તારાજના કારણે બુટલેગરો અને તેમના પુત્રો બેફામ બની ગયાનો પણ આરોપ લગાવ્યો છે.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂના અડ્ડા બંધ થાય તો કોઈપણ ભોગે દારૂના અડ્ડા ચાલુ રાખવા અંદરખાને દબાણ થતું હોવાની લોકચર્ચા છે. જ્યારે તાજેતરમાં જ બાયડ પોલીસે જે બુટલેગરના ઘરના બાથરૂમમાંથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો તે જ બતાવે છે કે બાયડમાં પોલીસ



અને બુટલેગરોની મીલીભગતથી માંગે તે પ્રમાણે દેશી-વિદેશી શરાબ આસાનીથી મળી રહે છે. કુખ્યાત બુટલેગર ગંગારામ સલાટના પુત્ર આનંદ સલાટે નજીકમાં જ રહેતી વિધવા દિપીકાબેન સલાટને તારી દિકરી કેમ કચરો નાખવા માટે આવી છે..?? તેમ કહી બેફામ ગાળો બોલવાની સાથે મહિલાના માથામાં દંડો ફટકારી માથું ફોડી નાખતાં આસપાસના વિસ્તારમાં સન્નાટો વ્યાપ્યો હતો. પોલીસના ખુલ્લેઆમ હપ્તારાજથી સલાટ પરિવાર બેરોકટોક સવાર-સાંજ દારૂનો વેપલો કરી રહ્યો છે છતાં બાયડ પોલીસ કેમ ચૂપ છે..?? તે સ્થાનિક લોકોને સમજાતું નથી.

**પોલીસે મહિલાને સાંજ સુધી બેસાડી રાખી પછી ફરિયાદ લીધી**

જાણવા મળ્યા મુજબ બાયડના ભૂખેલ રોડ ઉપર રહેતી દિપીકાબેન સલાટે આરોપ લગાવ્યો છે કે મારા ઉપર જીવલેણ હુમલો કરનાર વિરૂદ્ધ બાયડ પોલીસ સ્ટેશનમાં હું ફરિયાદ નોંધાવવા ગઈ ત્યારે મને સાંજ સુધી બેસાડી રાખવામાં આવી હતી અને ત્યારબાદ મારી ફરિયાદ નોંધવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડાએ મહિલાની ફરિયાદમાં કેટલું તથ્ય છે તેની પણ તપાસ કરાવવી રહી.

# બાયડ ભાજપ સંગઠનનું કોકડું વધુ ગુંચવાયુ, પ્રદેશમાં રજુઆતો માટે હોડ જામી

### દુરોગામી અસરની સંભાવના વધી

હિંમતનગર તા.૦૯
બાયડ શહેર ભાજપ સંગઠનનું કોકડું દિવસે-દિવસે વધુ ગુંચવાઈ રહ્યું છે. બુધવારે પ્રદેશમાં રજુઆતો માટે વાહન ભરીને કેટલાંક કાર્યકરો પહોંચતા પ્રદેશના આગેવાનો અકળાયા છે. પ્રદેશ નેતાગીરી બાયડ શહેર ભાજપ સંગઠન મુદ્દે યોગ્ય નિર્ણય લેવામાં કાચું પડશે તો દુરોગામી અસરની સંભાવના વધી છે. આગામી બે-ચાર દિવસમાં સંગઠન પ્રમુખની પસંદગી થવાની છે. જેના કારણે કોરોના ભૂલીને રજુઆત કમલમ સુધી પહોંચી છે.

બાયડ નગરપાલિકાનો ચુંટણી જંગ યોજાયો ત્યારે આકાઓથી ડરતાં અનેક ભાજપના આગેવાનો અને કાર્યકરો ઘરમાં સંતાઈ ગયા હતા. મતદારોએ ભાજપને વિકાસના નામે મત આપી સત્તા આપી છે. પરંતુ સંગઠન પ્રમુખની ખાલી પડેલી જગ્યાઓ ઉપર અનેક ઉમેદવારો મધલાળ ટપકાવી રહ્યા છે. પ્રદેશ સંગઠન દ્વારા બાયડ શહેરમાં દરેક રીતે સક્ષમ હોય તેવા ઉમેદવારને પ્રમુખ પદે પસંદ કરવા માટે નિર્ણય કરવો પડશે. છેલ્લા એક સપ્તાહથી મોટાગજાના સહકારી આગેવાને પાલવ પાથરીને બેઠેલાં કોંગ્રેસના આગેવાનો સાથે ગઠબંધન કરી કોંગ્રેસને પસંદ હોય તેવા મૂરતિયાને બાયડ શહેર ભાજપ સંગઠનનું પ્રમુખ પદ મળે અને આવનારો દિવસોમાં બાયડ પાલિકામાં નવા સમીકરણો રચાય તેના પેતરા શરૂ કર્યા છે. બે દિવસ પહેલા ભાજપના આગેવાન કાર્યકરોએ પ્રદેશ પ્રમુખ, ઉત્તર ગુજરાત ઝોન મહામંત્રીને બાયડ શહેર સંગઠન પ્રમુખ માટે ધારદાર રજુઆત કરી હતી તેના બે દિવસ પછી બાયડમાંથી બે અલગ-અલગ જૂથના આગેવાન કાર્યકરોએ પ્રમુખ પદ માટે રજુઆત કરતા પ્રદેશ નેતાગીરી માટે બાયડનું કોકડું માથાના દુખાવા રૂપ બન્યું છે. બે દિવસ અગાઉ બાયડ પાલિકાના જે સભ્યો શહેર પ્રમુખ માટે રજુઆત કરવા ગયા હતા તે પૈકી કેટલાંક સભ્યો બુધવારે બીજા કેમ્પમાં રજુઆત કરવા પહોંચતા પ્રદેશ સંગઠને તેની અતિગંભીર નોંધ લીધી છે.

# અરવલ્લી મહાકાલ સેનાના પ્રમુખનું માર્ગ અકસ્માતમાં મોત

### સરડોઈના આશાસ્પદ રાજપુત યુવાનના મોતથી ગમગીની

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
અરવલ્લી જિલ્લા મહાકાલ સેના પ્રમુખ રાજપાલસિંહ રહેવરનું માર્ગ અકસ્માતમાં મોત નીપજતાં મહાકાલ સેના તેમજ રાજપુત સમાજ અને મોડાસા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.



માતૃભૂમિમાં કોઈને અન્યાય થતો હોય, સમાજને બદનામ કરવાના કોઈએ પ્રયાસ કર્યો હોય, જરૂરીયાત મંદોને મદદરૂપ થવાનું હોય ત્યારે અરવલ્લી મહાકાલ સેના પ્રમુખ તેમની ટીમ સાથે દિવસ તૈયાર રહેતા. ૧૪ મહિનાના કોરોના સમય દરમિયાન રાજપાલસિંહના વડપણ હેઠળ જરૂરીયાતમંદોને રાશનકીટ, હોમ કોરન્ટાઈન પરિવારને મફત ટીફીન સેવા અને ઓક્સિજન વગર દર્દીઓ તરફડતાં હતા ત્યારે અનેકને ઓક્સિજન સીલીન્ડર લાવી આપી જીવ બચાવ્યા હતા જેના કારણે મહાકાલ સેના અને પ્રમુખની સેવાઓની પંથકની પ્રજાએ નોંધ લીધી હતી.

ગતરોજ સરડોઈથી જીવણપુર તરફ એક્ટીવા લઈને જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી કારે ટક્કર મારતાં ગંભીર ઈજાથી મોત નીપજ્યું હતું. રાજપુત સમાજના આગેવાનનું મોત નીપજતાં પંથકમાં શોક છવાયો છે. સદગત યંગસ્ટર એજ્યુકેશન હબ, ગાંધીનગરના ડિરેક્ટર તરીકે પણ જોડાયેલા હતા. સરડોઈ ગ્રામ પંચાયતના સરપંચ અનિલસિંહ રહેવરના પુત્રના નિધનથી પંથકની પ્રજા શોકમાં ગરકાવ થઈ છે.

# શિક્ષણની ઘોર ખોદાઈ રહી છે, સાબરકાંઠા-અરવલ્લીમાં નવા શૈક્ષણિક સત્રના આરંભ પછી પણ પાઠ્યપુસ્તકો મળતાં નથી

### ૧૦ જુલાઈ પછી નવા વર્ષનો અભ્યાસક્રમ ઓનલાઈન ભણાવાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
તા.૭ જૂનથી ઉત્તર ગુજરાતની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓ વગર શરૂ થઈ છે. પરંતુ શિક્ષણની ઘોર ખોદાતી હોય તેમ નવા શૈક્ષણિક સત્રના આરંભ પછી પણ ધો.૧ થી ૧૨ નાં ગુજરાતી, અંગ્રેજી માધ્યમનાં પાઠ્યપુસ્તકો મળતાં ન હોવાની વાલીઓની ફરિયાદથી હલચલ મચી છે. તા.૧૦ જુલાઈ પછી નવા વર્ષનો અભ્યાસક્રમ ઓનલાઈન ભણાવવામાં આવશે. પ્રથમ મહિને અગાઉના ધોરણનું પુનરાવર્તન કરવાનું હોવાથી બ્રીજ કોર્સના નેજા હેઠળ ઉપલા વર્ગમાં આવેલા વિદ્યાર્થીઓને પાછલા વર્ષનો અભ્યાસક્રમ ભણાવવાનો શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય લેવાયો છે.

ગુજરાતમાં શિક્ષણ વિભાગ હંમેશાં ચર્ચાના એરણ ઉપર રહેતો હોય છે પરંતુ કેટલાક સારા નિર્ણયો પણ નજરઅંદાજ ન કરવા જોઈએ. કોરોના શરૂ થયો ત્યારથી શિક્ષણ બગડી રહ્યું છે. ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થીઓ ચીડીયા બની ગયા છે, મોબાઈલનો વધારે પડતો ઉપયોગ કરે છે તેવી વ્યાપક ફરિયાદોમાં પણ તથ્ય હતું પરંતુ કોરોનાના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ સંભવ ન હતું. હોમ લર્નિંગ શિક્ષણમાં અનેક શિક્ષકો કોરોનાગ્રસ્ત બન્યા અને ચેપ લાગ્યા પછી કેટલાક શિક્ષકોના મોત નિપજ્યા. આ સંજોગોમાં ઓનલાઈન શિક્ષણ એકમાત્ર વિકલ્પ હતો. વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખી ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા રદ કરી ધો.૧ થી ૧૨માં માસ પ્રમોશન આપી દેવાયું તેની પણ ટીકા થઈ રહી છે અને હવે ટીકા-ટીપ્પણી પછી ૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો વિદ્યાર્થીઓની હાજરી વગર પ્રારંભ થયો પરંતુ પાઠ્યપુસ્તકો અનેક વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યા નથી તેવા આક્ષેપ શરૂ થયા છે. જ્યારે સ્ટેશનરી બજારમાં પણ કેટલાય વિષયોના પુસ્તકો ઉપલબ્ધ ન હોવાનું બહાર આવ્યું છે જે બાબત ગંભીર કહી શકાય. અત્યારે તો અગાઉના ધોરણનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ૧ મહિના સુધી ભણાવવાનો છે અને ત્યારબાદ તા.૧૦ જુલાઈથી કોરોનાનું સંક્રમણ યથાવત રહે તો વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવાનું પણ જાહેર કર્યું છે.

## નાના ચેખલામાં કોરોનાથી વધુ એકનું મોત

તલોદ, તા. ૯
તલોદ તાલુકાના નાના



ચેખલાના દિપક અમરાભાઈનું કોરોનાથી મોત નિપજતાં પંથકની પ્રજામાં દહેશત વધી છે. છેલ્લા કેટલાક દિવસથી કોરોના સંક્રમણ કાબુમાં છે. સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસ ઘટતા હોવાના દાવા વચ્ચે સંક્રમણથી ગામડામાં મૃત્યુદર ઉંચકાઈ રહ્યો છે.

# માસ પ્રમોશન, ધો.૧૦-૧૨ના તમામ રીપીટરોને માસ પ્રમોશન આપવા માંગ

### એકને ગોળ બીજાને ખોળ જેવી નીતિ સામે રીપીટર વિદ્યાર્થીઓમાં રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
કોરોનાના કારણે રાજ્યમાં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે પરંતુ રીપીટરો બાબતે આજ દિન સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. જેથી રીપીટરોને પણ વિના વિલંબે માસ પ્રમોશન આપવું જોઈએ જેથી ધો.૧૦ અને ૧૨ ના રીપીટર વિદ્યાર્થીઓને હવે કઈ ફેકલ્ટીમાં પ્રવેશ લેવો તે નક્કી કરી શકે. અત્યારે તો રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અને રીપીટરોને પરીક્ષા આપવી પડે તેવા નિર્ણયના કારણે એકને ગોળ બીજાને ખોળ જેવી નીતિ શિક્ષણ વિભાગે અખત્યાર કરી છે તેવા આરોપ લાગ્યા છે.

બોર્ડ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ છેલ્લા સવા-દોઢ વર્ષથી તૈયારી કરતા હતા. માર્ચ મહિનામાં યોજાતી પરીક્ષા મે. મહિનામાં યોજવાનો નિર્ણય કર્યો અને ત્યારબાદ બોર્ડ દ્વારા ધો.૧૦-૧૨ ના રેગ્યુલર તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાતાં ઉત્તર ગુજરાત સહિત રાજ્યના વાલીઓમાં તેના ઘેરાપ્રત્યાઘાત પડ્યા હતા અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ બોર્ડના આ નિર્ણયથી નાખુશ હતા. પરંતુ સામા પ્રવાહે ચાલે કોણ..?? છેવટે માસ પ્રમોશન જાહેર થયું એટલે મને..ક..મને સ્વીકાર કરી લીધો. જો રેગ્યુલર વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા માસ પ્રમોશન આપવામાં આવે તો પછી રીપીટર વિદ્યાર્થીઓને પણ તેનો લાભ મળવો જોઈએ. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ધો.૧૦-૧૨ ના ૧૨,૦૦૦થી વધુ રીપીટર વિદ્યાર્થીઓ પણ માસ પ્રમોશન ઝંખી રહ્યા છે.

**રીપીટર વિદ્યાર્થીઓને અન્યાય થઈ રહ્યો છે : પૂર્વ શિક્ષક**

બાયડ : આકરૂન્દ હાઈસ્કુલના પૂર્વ શિક્ષક વસંતભાઈ બી. મહેતાએ જણાવ્યું કે ધો.૧૦-૧૨ ના રેગ્યુલર વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગે કોરોના કારણે માસ પ્રમોશન આપ્યું છે તો પછી રીપીટર વિદ્યાર્થીઓને અન્યાય કેમ..?? રીપીટર વિદ્યાર્થીઓને શું કોરોના નહીં થાય..?? તેવો અણિયાળો સવાલ કરી માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તમામ રીપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવું જોઈએ તેવો પોતાનો અંગત મત વ્યક્ત કર્યો છે.



**ધનસુરા-દોલપુર પંથકમાં ખેડૂતોએ ચોમાસાના પાકની તૈયારીઓ શરુ કરી**

ધનસુરા અને દોલપુર પંથકમાં ખેડૂતો એ ચોમાસા ના પાક ની તૈયારીઓ શરુ કરી છે ચોમાસું નજીક છે ત્યારે આ પંથક ના ખેડૂતો એ જમીન ખેડવી અને પાક ની વાવણી પેલા જમીનને પાણી આપવા જેવી કામગિરી શરુ કરી છે ખેડૂતો એ ડ્રીપ પધ્ધાતિ થી પણ પાણી આપવાનું શરુ કર્યું છે ધનસુરા અને દોલપુર પંથક માં ખેડૂતો ચોમાસા મગફળી નું મોટા પ્રમાણ માં વાવેતર કરે છે સાથે ઘાસચારા નું પણ વાવેતર કરે છે ખેડૂતો ખેતી ની કામગિર માં જોડાતા ખેતર ના સીમાડા ધમધમી ઉઠ્યા છે

# ઉત્તર ગુજરાતમાં ભેજનું પ્રમાણ વધતાં ત્રાસદાયક બફારો-ઉકળાટ

### આવતી કાલથી બે દિવસ વરસાદની સંભાવના, ખેડૂતોમાં ચિંતા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
ચોમાસાનું આગમન નજીકમાં છે ત્યારે ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૩ દિવસથી ભેજનું પ્રમાણ વધતાં ત્રાસદાયક બફારા અને ઉકળાટથી પ્રજા અને વેપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ખરીદી માટે આવતી પ્રજા પણ ખરીદી પછી પરંતુ ઠંડક આપતાં ઉપકરણો નીચે બેસી જતાં સોશ્યલ ડિસ્ટન્સના લીરા ઉડતા હોવા છતાં વેપારીઓ કશું બોલી શકતા નથી. આવતી કાલ શુક્ર અને શનિવારે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદની સંભાવના વ્યક્ત થઈ છે.

જૂન મહિનામાં વરસાદનો પ્રારંભ થતો હોય છે. જે રીતે ગુજરાતમાં તા.૧૧ જૂનથી ચોમાસાના આગમનની સંભાવના વ્યક્ત થઈ છે તે જોતાં ખેડૂતોમાં હરખ દેખાઈ રહ્યો છે પરંતુ શ્રમજીવીઓ ન મળતાં અનેક ખેડૂતો ચોમાસા પૂર્વેના ખેતી આયોજનો પૂરા કરી શક્યા નથી. ઉનાળાની વિદાય નજીકમાં છે તે પૂર્વે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં તાપમાનનો પારો ફરી ૪૦ ડિગ્રીને આંબવા લાગ્યો છે પરંતુ ભેજનું પ્રમાણ વધતાં ભયંકર બફારાએ પ્રજાને અકળાવી દીધા છે. સવારે સ્નાન કર્યા પછી પણ બફારાના કારણે પ્રજા પસીને રેબજેબ જોવા મળે છે. હવે તો પંખા પણ બેઅસર સાબિત થઈ રહ્યા છે જેથી એ.સી. અને કુલર આગળ મધ્યમ અને અમીર વર્ગના લોકો ગોઠવાઈ જાય છે જેના કારણે વિજ બીલ ઉંચા આવતાં અનેક પરિવારોને આંચકો લાગ્યો છે.

# બનાસકાંઠા કોંગ્રેસ દ્વારા કોરોનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રધ્ધાંજલિ અપાઈ

દેશભરમાં કોરોનાની મહામારીમાં અસંખ્ય લોકોએ



પોતાના જીવ ગુમાવ્યા છે.જેમને બનાસકાંઠા કોંગ્રેસ દ્વારા શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. દેશભરમાં કોરોનાની મહામારીમાં અસંખ્ય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જેથી બનાસકાંઠા કોંગ્રેસ દ્વારા પાલનપુર કોંગ્રેસ કાર્યાલય ખાતે શ્રધ્ધાંજલિ આપી તેમના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. તેમજ કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે, સરકારની ઓક્સિજનની વ્યવસ્થાના અભાવે કોરોનાની મહામારીમાં અસંખ્ય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.જેથી કોરોનામાં મુત્યુ પામેલા લોકોના સાચા આંકડા જાહેર કરી મૃતકોના પરિવારને સહાય આપવા માંગ કરી હતી.

# હિંમતનગર તાલુકામાં બે સ્થળોએ બીએસએનએલ ટાવરના પાવરબેંકના ૯૯ હજારના ૯૯ સેલની ચોરી

### સતનગર તથા નવા નગર એક્સચેન્જમાં ઘુસી તસ્કરોએ તરખાટ મચાવ્યો : પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

હિંમતનગર તા.૦૯
સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં બે સ્થળોએ ચોરી થયાની ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. જેમાં બીએસએનએલ ટાવરના પાવરબેંકના રૂ.૯૯૦૦૦ ના ૯૯ સેલની ચોરી થઈ છે અને સતનગર તથા નવા નગર એક્સચેન્જમાં ઘુસી તસ્કરોએ. તરખાટ મચાવી ચોરી કરનાર પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને પોલીસે આ તમામ આરોપીઓની ધરપકડ કરવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે સચોદરના રહીશ ધર્મેન્દ્રકુમાર શંકરભાઈ પાસવાને નોંધાવેલ ફરિયાદ અનુસાર તસ્કરી કરનાર આરોપીઓએ મોજે સતનગર તથા નવાનગર મુકામે આવેલ બી.એસ.એન.એલ. મોબાઈલ ટાવર તથા એક્સ્ચેન્જના મકાનના દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કરી એક્સચેન્જમાં મુકેલ પાવરબેંકના અલગ-અલગ કુલ-સેલ નંગ-૯૯ કિ.રૂા-૯૯૦૦૦/-ની ચોરી કરી લઈ જઈ ગુન્હોને અંજામ આપ્યો હતો.

હિંમતનગર ગ્રામ્ય પોલીસે સતનગર તથા નવા નગર એક્સચેન્જમાં ઘુસી ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપી તરખાટ મચાવનાર આરોપીઓ રામેશ્વરનાથ ચકોનાથ યોગી, ભગવતીલાલ બખ્તાવરજી ગુર્જર, પુરણનાથ ભીમનાથ યોગી, ઉદેનાથ ધર્માનાથ યોગી, બાળ કિશોર અને નેના ગોકુલનાથ યોગી ઉ.વ.૧૭ (તમામ રહે.એણાસણ, તા.દસ્ક્રોઈ જિ.અમદાવાદ) વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**પૂજ્ય બા ને પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



અ.નિ. કોદીબેન બહેચરભાઈ પટેલ
સ્વ. તા.૧૦-૬-૨૦૨૦, બુધવાર
રડોદરા, તા.બાયડ

સારાં કર્મોની સુગંધ
સદાય રહેશે,
મીઠી વાણી
હંમેશા યાદ રહેશે,
દેહ ભલે
અદ્રશ્ય થયો હોય,
પરંતુ બા તમારી યાદ
અમારી સાથે રહેશે,
પ્રભુ આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના.

લિ.
અજયકુમાર ચિમનલાલ પટેલ   હેમિકાબેન(લાલી) અજયકુમાર પટેલ
કુ. અદ્વૈત્યા અજયકુમાર પટેલ
બાયડ, જિ. અરવલ્લી